પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૧૭ • કુલ પાના : ૪ • તારીખ : ૦૮-૦૫-૨૦૨૪ બુધવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ત્રીજા તબક્કામાં ૧૧ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૩ બેઠકો પર મતદાન શાંતિપૂર્ણ સંપન્ન


## ૯૩ બેઠકો પર સરેરાશ ૬૨ ટકા મતદાન થયું,આસામમાં સૌથી વધુ ૭૩ ટકા અને મહારાષ્ટ્રમાં સૌથી ઓછું ૬૨ ટકા મતદાન

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ૧૧ રાજયો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૩ બેઠકો આજે શાંતિપૂર્ણ મતદાન સંપન્ન થયું હતું. કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડી જવાની તો કેટલાક સ્થળોએ મતદાર યાદીમાં નામ ન હોવાની ફરિયાદો મળી હતી.જયારે કેટલાક મતદાન મથકો પર વિવિધ રાજકીય પક્ષોના કાર્યકરો વચ્ચે ઝપાઝપીના અહેવાલો પણ મળ્યા છે. ત્રીજા તબક્કામાં આસામ- ૪ બેઠક,બિહાર- ૫ બેઠક,છત્તીસગઢ- ૭ બેઠક,દાદરા અને નગર હવેલી-૧ બેઠક,દમણ-દીવ-૧ બેઠક ગોવા- ૨ બેઠક, ગુજરાત- ૨૫ બેઠક,કર્ણાટક-૧૪ બેઠક મધ્યપ્રદેશ- ૮ બેઠક મહારાષ્ટ્ર- ૧૧ બેઠક ઉત્તરપ્રદેશ- ૧૦ બેઠક, પશ્ચિમ બંગાળ- ૪ બેઠક જમ્મૂ કશ્મીર- ૧ બેઠક પર મતદાન થયું હતું

મતદાનના ત્રીજા તબક્કામાં મતદારોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી અને બીજેપી નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા, મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહ, એનસીપી (એસપી)ના નેતા અને શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીની પત્ની સુનેત્રા પવાર, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ યાદવ અને કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી સહિતના દિગ્ગજોનું ભાવી ઈવીએમ મશીનમાં સીલ કર્યું છે. એ યાદ રહે કે ચૂંટણી પંચે દેશમાં સાત તબક્કામાં મતદાન કરાવવાની જાહેરાત કરી છે. અગાઉ પ્રથમ બે તબક્કામાં મતદાન થયું હતું ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કાના મતદાનમાં ૬૬.૧૪ ટકા અને ૨૬ એપ્રિલે બીજા તબક્કામાં ૬૬.૭૧ ટકા મતદાન થયું હતું.જયારે આજે ત્રીજા તબક્કાનું મતદાન યોજાયુ હતું ત્રીજા તબક્કામાં સરેરાશ ૬૨ ટકા મતદાન થયું છે.આસામમાં સૌથી વધુ ૭૪.૮૯ ટકા,બિહારમાં ૫૬.૧૦ ટકા. છત્તીસગઢમાં ૬૬. ૮૭ ટકા,દાદરા અનો નગર હવેલી અને દમણમાં ૬૫.૨૩ ટકા, ગોવામાં ૭૨.૫૨ ટકા, ગુજરાતમાં ૫૫.૨૨ ટકા કર્ણાટકમાં ૬૬.૦૫ ટકા મધ્યપ્રદેશમાં ૬૨.૨૮ ટકા, મહારાષ્ટ્રમાં ૫૩.૪૦ ટકા, ઉત્તરપ્રદેશમાં ૫૫.૧૩ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૭૩.૯૩ ટકા મતદાન થયું છે.

એક તરફ જ્યાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ૧૧ રાજ્યોની ૯૩ સીટો પર મતદાન ચાલી રહ્યું છે, તો બીજી તરફ પશ્ચિમ બંગાળના માલદામાં એક પોલિંગ બૂથ



પર ક્રૂડ બોમ્બ ફેંકવામાં આવ્યો છે. આ ઘટના ઉત્તર માલદા લોકસભા મતવિસ્તારના રતુઆમાં બની હતી. અહીં બદમાશોએ એક મતદાન મથક પાસે દેશી બનાવટનો બોમ્બ ફેંક્યો હતો. જો કે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી કે કોઈ જાનહાનિ થઈ નથી.પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં મતદાન દરમિયાન કોંગ્રેસના એક નેતાના ઘર પર ક્રૂડ બોમ્બ ફેંકવામાં આવ્યો છે. આ દરમિયાન મુર્શિદાબાદ જિલ્લાની જાંગીપુર લોકસભા સીટ પર ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસના કાર્યકર્તાઓ એકબીજા સાથે અથડાયા હતાં.જોકે પોલીસે મામલો શાંત પાડયો હતો

ઉત્તર પ્રદેશમાં ૧૦ બેઠકો પર મતદાન થયું છે યુપીના સંભલમાં સાંજે ૫ વાગ્યા સુધી ૬૧.૧ ટકા મતદાન,બરેલીમાં ૫૪.૩૫ ટકા,ફતેહપુર સીકરી લોકસભા ક્ષેત્રમાં ચૂંટણીની નિષ્પક્ષતા બરબાદ થઈ ગઈ. બેલેટ યુનિટનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. પોલીસની મોટી બેદરકારી સામે આવી છે. બીજેપી કાર્યકર મોબાઈલ લઈને બૂથની અંદર પહોંચી ગયો. મતદાન કરતી વખતે, બેલેટ યુનિટનો ફોટો લેવામાં આવ્યો અને પછી વાયરલ કરવામાં આવ્યો.બિહારની પાંચ લોકસભા મતવિસ્તાર - ઝાંઝરપુર, સુપૌલ, અરરિયા, મધેપુરા અને ખાગરિયાના ૯૮.૬ લાખ મતદારોમાંથી લગભગ ૪૬.૬૯ ટકાએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

ભારે ગરમી હોવા છતાં મતદારોએ મતદાનમાં ભારે ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રથમવાર મતદાન કરી રહેલા યુવાનોમાં જોશ જોવા મળ્યો હતો.ગ્રામ્ય વિસ્તારોમાં ભારે મતદાન થયું હતું જયારે શહેરી વિસ્તારોમાં મતદાન ધીમુ રહ્યું હતું. સવારે કેટલાક મતદાન મથકો પર લાંબી લાંબી લાઈનો જોવા મળી હતી જયારે બપોરના સમયે મતદાન મથકો ખાલી જોવા મળી રહ્યાં હતાં. જોકે સાંજના સમયે ફરી મતદાનમાં વેગ આવ્યો હતો.ત્રીજા તબક્કામાં વૃધ્ધોએ પણ મતદાન કર્યું હતું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની ગાંધીનગરની બેઠક પર મતદાન કર્યું હતું.મોદીએ રાણીપ વિસ્તારમાં આવેલી નિશાન સ્કુલમાં મતદાન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ તમામ મતદારોને ભારે મતદાન કરવાની અપીલ કરી હતી આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી,રાજયપાલ આનંદીબેન પટેલ સહિતના નેતાઓએ સવારે જ પોતાનું મતદાન પુરૂ કર્યું હતું. ગુજરાતમાં લોકસભા ચૂંટણીનું ત્રીજા તબક્કાનું ગુજરાતમાં ૨૫ બેઠક પર મતદાન સાંજે ૬ વાગ્યે પૂર્ણ થયું છે. મતદાન મથકોના ગેટ બંધ કરી દીધા છે અને અંદર જેટલા મતદારો છે તેઓને મતદાન કરવા દેવામાં આવ્યા હતાં છેલ્લી ઘડીએ મતદાન વધારવા રાજકીય પક્ષોએ એડીચોટીનું જોર લગાવ્યું છે. મતદાન પૂર્ણ થવાના છેલ્લા કલાકોમાં મતદાન મથકો પર લાઈનો લાગી હતી. છેલ્લી ઘડીના મતદાન માટે મતદારો ઉમટ્યા છે. લોકસભાની ચૂંટણી માટેનું વહેલી સવારે શરૂ થયેલું મતદાન ૬ વાગતાની સાથે જ પૂર્ણ થયું છે. ભાજપ, કોંગ્રેસ સહિત ૧૨ ઉમેદવારોનું ભાવિ મતદાન પૂર્ણ થતાં ઈવીએમ મશીનમાં કેદ થઈ ગયું છે. જોકે આ વખતે બનાસકાંઠાના મતદારોએ બમ્પર વોટિંગ કર્યું છે અને ૨૦૧૯ની લોકસભાના મતદાનનો રેકોર્ડ તોડ્યો છે. આગામી ૪ જૂને લોકસભાની ચૂંટણીની મતગણતરી હાથ ધરાશે ત્યારે સ્પષ્ટ થઈ જશે કે બનાસકાંઠાની જનતાએ કોના તરફી મતદાન કર્યુ છે અને કોના ઉપર સંસદનો કળશ ઢોળ્યો છે..૨૦૨૪ લોકસભા ની ચુંટણી નું મતદાન પૂર્ણ થયું ત્યારે પોરબંદર બેઠક ખાતે પણ શાંતિપૂર્ણ માહોલ વચ્ચે પૂર્ણ થતા પોરબંદર બેઠક પરના બુથો પર ઈવીએમ મશીન બંધ કરવામાં આવ્યાં હતા અને સ્ટ્રોંગ રૂમ ખાતે સુરક્ષા વચ્ચે મૂકવામાં આવ્યા છે.

# બંગાળમાં ૨૫ હજારથી વધુ શિક્ષકોની નિમણૂક રદ કરવાના હાઈકોર્ટના આદેશ પર સ્ટે

નવીદિલ્હી,

બંગાળ સરકારે શિક્ષકોની ભરતી કેસમાં સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. દરમિયાન મંગળવારે સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે મુક્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે હાઈકોર્ટના આદેશના નિર્દેશો અનુસાર સીબીઆઈ તપાસ ચાલુ રહેશે. પરંતુ સીબીઆઈ હાલમાં કોઈ શિક્ષાત્મક પગલાં લેશે નહીં. સુપ્રીમ કોર્ટે અગાઉના આદેશ હેઠળ શરતી વચગાળાનું રક્ષણ ચાલુ રાખ્યું છે. આ મામલામાં આગામી સુનાવણી ૧૬ જુલાઈએ થશે.

આ સમયગાળા દરમિયાન ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે પશ્ચિમ બંગાળ સરકારને આકરા પ્રશ્નો પૂછ્યા હતા. સીજેઆઈએ શરૂઆતમાં બંગાળ સરકારને પૂછ્યું કે તેણે શા માટે વધારાની પોસ્ટ્સ બનાવી અને વેઈટલિસ્ટ ઉમેદવારોની નિમણૂક કરી, તેમ છતાં પસંદગી પ્રક્રિયાને કોર્ટમાં પડકારવામાં આવી હતી. હાઈકોર્ટના આદેશની નોંધ લેતા, બંગાળ સરકારના વકીલ નીરજ કિશન કૌલે પૂછ્યું, "શું આવા આદેશને ટકાવી શકાય છે?" તેમણે કહ્યું, "એવું પણ નથી કે ૨૫,૦૦૦ નિમણૂંકો ગેરકાયદે છે?" શિક્ષક-બાળનો ગુણોત્તર, બધું ખોટું થઈ ગયું છે."

વરિષ્ઠ વકીલ જયદીપ ગુપ્તાએ, શાળા સેવા આયોગ તરફથી હાજર થતાં દલીલ કરી હતી કે હાઈકોર્ટની બેન્ચ પાસે નોકરીઓ રદ કરવાનો અધિકાર નથી અને તેના આદેશો આ મામલે સુપ્રીમ કોર્ટના નિર્ણયોની વિરુદ્ધ છે. જ્યારે ઝત્નૈં એ પૂછ્યું કે શું ઁસ્ઈ શીટ્સ અને જવાબ પત્રકોની સ્કેન કરેલી નકલો નાશ પામી છે, તો તેમણે હકારાત્મક જવાબ આપ્યો. આ દરમિયાન ઝત્નૈંએ પૂછ્યું કે "આટલી સંવેદનશીલ બાબત" માટે ટેન્ડર કેમ બહાર પાડવામાં આવ્યું નથી.

સીજેઆઈ કહ્યું કે ઓએમઆરની ડિજિટલ નકલો રાખવાની કમિશનની ફરજ છે. આ દરમિયાન, સ્કૂલ સર્વિસ કમિશનના વકીલ જયદીપ ગુપ્તાએ જવાબ આપ્યો કે તે એજન્સી પાસે છે જેને કામ આઉટસોર્સ કરવામાં આવ્યું હતું. આના પર સીજેઆઈ એ પૂછ્યું, "ક્યાં? સીબીઆઈને તે મળ્યું નથી. તે તમારી પાસે નથી. તે આઉટસોર્સ છે. શું આનાથી મોટો સુરક્ષા પ્રોટોકોલનો ભંગ થઈ શકે છે.સીજેઆઈએ કહ્યું કે તેઓને માત્ર સ્કેનિંગ માટે રાખવામાં આવ્યા હતા, પરંતુ તમે?" તેમને તમામ ડેટા રાખવા દો, તમે એમ ન કહી શકો કે તેઓએ તે લીધો છે, લોકોનો ડેટા રાખવા માટે તમે જવાબદાર છો."

સીજેઆઈ એ પછી પૂછ્યું કે શું પંચે આરટીઆઈ અરજદારોને ખોટી રીતે કહ્યું હતું કે ડેટા તેની પાસે છે. "કોઈ ડેટા (તમારી પાસે નથી)." આના પર વકીલે જવાબ આપ્યો, "તે થઈ શકે છે." જ્યારે તેમણે પૂછ્યું કે શું હાઈકોર્ટના નિર્દેશો વાજબી છે, ત્યારે ઝત્નૈંએ જવાબ આપ્યો, "પરંતુ આ પ્રણાલીગત છેતરપિંડી છે. આજે જાહેર નોકરીઓ અત્યંત દુર્લભ છે, અને તેને સામાજિક ગતિશીલતાના એક સ્વરૂપ તરીકે જોવામાં આવે છે. જો તેમની નિમણૂકો દૂર થઈ જાય, તો શું? સિસ્ટમમાંથી લોકોનો વિશ્વાસ ઉઠી જશે, તમે આ કેવી રીતે સ્વીકારશો?"

# ભાજપી ધારાસભ્યના પતિ દ્વારા વાસણમાં મતદાન બંધ કરાવાયું,શક્તિસિંહ ગોહિલનો આક્ષેપ

અમદાવાદ,

ગુજરાત લોકસભાની ૨૫ બેઠકો માટે આજે મતદાન થયુંહતું. ત્યારે ગાંધીનગરના વાસણ ગામમાં ભાજપના નેતા દ્વારા મતદાન બંધ કરાયાનો આક્ષેપ વિરોધ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ દ્વારા કરાયો છે. વાસણ ગામમાં કોંગ્રેસ તરફી મતદાન થઈ રહ્યુંહતુંતેના કારણે ભાજપના નેતા દ્વારા મતદાન બંધ કરાવવાનો શક્તિસિંહ ગોહિલ દ્વારા આક્ષેપ કરાયો છે. આ અંગે તેમણે કહ્યું કે, વાસણ ગામમાં રૂમ નંબર ત્રણમાં અનઅધિકૃત રીતે ભાજપના એક ધારાસભ્યના પતિ વાસણ ગામમાં મતદાન બંધ કરાવ્યું છે. ચૂંટણી પંચ ને કહીશ કે આ સંદર્ભે કાર્યવાહી કરે. આ સાથે જ શક્તિસિંહ ગોહિલે ગૃહમંત્રી અમિત શાહે કેસરી ખેસ પહેરીને મતદાન કર્યા અંગે પણ વાંધો ઉઠાવ્યો છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું કે, ગૃહ મંત્રી અમિતભાઈ શાહ પણ કેસરી ખેસ પહેરીને મતદાન કરવા ગયા હતા. કેસરી કેસ કરીને અમિતભાઈએ વોટિંગ કર્યું છે એવી જ રીતે હું પણ આ ખેસ પહેરીને વોટીંગ કરીશ. હવે જોવાનું છે કે એમના માટેના નિયમો અને અમારા માટેના નિયમો અલગ અલગ છે કે કેમ. પોલીસ એજન્ટ દ્વારા ભાજપના સિમ્બોલ વાળી પેનના ઉપયોગ સામે શક્તિસિંહ ગોહિલે ચૂંટણી પંચ સમક્ષ વિરોધ દર્શાવ્યો છે. તમામ બુથો ઉપર ભાજપના એજન્ડો દ્વારા આ પ્રકારે કરપ પ્રેક્ટિસ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો. આ સાથે જ શકિતસિંહ ગોહિલ દ્વારા ભાજપની માન્યતા રદ કરવાની માંગણી કરવામાં આવી છે. શક્તિસિંહ ગોહિલનો આક્ષેપ કરતા કહ્યું કે, ભાજપ મતદાન/બૂથ પ્રતિનિધિઓ બૂથની અંદર કમળના પ્રતિક અને ભાજપના નેતાના ફોટાવાળી પેન કેવી રીતે રાખી શકાય? તમારે તાત્કાલિક સંજ્ઞાન લેવું જોઈએ અને કડક પગલાં લેવા જોઈએ. પેન લઈને બેઠેલા કોલિંગ એજન્ટો સામે પોલીસ કેસ કરવાની શક્તિસિંહ ગોહિલ દ્વારા માંગણી કરાઈ.કોંગ્રેસે ચુંટણી પંચને અમદાવાદના એક બુથ પર ગેરરીતિ થયા અંગે પત્ર લખી ફરિયાદ કરી છે. પત્રમાં મણિનગરના બુથ નંબર ૨૩૧ અને ૨૩૨ ગેરરીરિત અંગે ફરિયાદ કરાઈ છે. ભાજપના કોર્પોરેટર મતદાતાઓને ધાકધમકી આપતા હોવાનો આરોપ કરાયો છે. ભાજપના ઉમેદવાર માટે મતદાન કરાવવા માટે ધમકી આપતા હોવાનો આરોપ લગાવ્યો છે.

# પત્નીનું મોત થયું હોવા છતાં સ્મશાન યાત્રા અટકાવીને મતદાન કર્યું

વડોદરા,

ગુજરાતની લોકસભાની ૨૫ બેઠકો માટે આજે મતદાન યોજાયું હતું. ભારે ગરમી હોવા છતાં મતદારોએ મતદાન કર્યું હતું. જોકે કેટલાક મતદાન કેન્દ્રોમાં સન્નાટા જેવી પરિસ્થિતિ જોવા મળી હતી

વડોદરાના પાદરામાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અહીં એક એવો કિસ્સો સામે આવ્યો છે, જેણે સાંભળીને તમે એકવાર તો વિચારમાં પડી જશો.મોભા ગામે રહેતા કનુભાઈ નગીનભાઈ ભાવસારનાં ધર્મ પત્નિ સરોજબેનનું ૩૫ વર્ષની ઉંમરે અવસાન થયું હતું. સરોજબેન છેલ્લા ઘણા સમયથી ડાયાબિટીસની બિમારી હોવાથી તેઓની સારવાર ચાલી રહી હતી. અગ્નિ સંસ્કાર પહેલા કનુભાઈ ભાવસારે તેઓની પુત્રી સાથે મતદાન કર્યું હતું. આ સમગ્ર બાબતે ગામનાં ડેપ્યુટી સરપંચ અજય પંડ્યાએ જણાવ્યું હતું કે, પોતાની ધર્મ પત્નીનું અવસાન થયું હોવા છતાં કનુ ભાવસારે મરણ પ્રસંગે પણ મતદાન કરી અન્ય લોકોને પ્રેરણા પૂરી પાડી હતી.

સુરતમાં લગ્નના દિવસે જ વરરાજાએ પ્રથમ મતદાન કર્યું છે. પાંડેસરાના યુવકના આજે લગ્ન હતાં અને લગ્ન પહેલા જ યુવક પોતાના પરિવાર સાથે મતદાનની ફરજ અદા કરી છે. સાથે યુવકે લગ્નમાં તમામ લોકોને લગ્ન પહેલાં મતદાન કરવા અપીલ કરી હતી.

# સાંસદ રામ મોકરિયાની તબિયત લથડી, હોસ્પિટલમાં દાખલ કરાયા

અમરેલી,

ગુજરાતની ૨૫ લોકસભા બેઠકો માટે મતદાન થયું હતું અને લોકોએ ઉત્સાહભેર લોકશાહીના આ પર્વમાં ભાગ લીધો હતાં રાજયસભાના સાંસદ રામ મોકરિયાની તબિયત લથડી હોવાના સમાચાર સામે આવ્યા છે. રામ મોકરિયા રાજકોટથી અમરેલી પરસોતમ રૂપાલાને મળવા જતા હતા ત્યારે રસ્તામાં તેમની તબિયત લથડતા હોસ્પિટલ ખસેડાયા હતા.

મળતી માહિતી અનુસાર, રામ મોકરિયાની તબિયત લથડતાં તેમને આટકોટ કે.ડી પરવાડિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રામ મોકરિયાની તબિયત લથડવાના સમાચાર મળતા જ અમરેલીથી પરશોત્તમ રૂપાલા કે.ડી પરવાડિયા હોસ્પિટલ દોડી આવ્યા હતા અને ખબર અંતર પૂછ્યા હતા.

# સોનિયાએ વિડિયો સંદેશ જાહેર કર્યો, કોંગ્રેસ-'ઈન્ડિયા' બંધારણ-લોકશાહીની રક્ષા માટે સમર્પિત

નવીદિલ્હી,

કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ મંગળવારે એક વીડિયો સંદેશ જાહેર કર્યો. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટી પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે આજે દેશના દરેક ખૂણે યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે, મહિલાઓ અત્યાચારનો સામનો કરી રહી છે, દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગો અને લઘુમતીઓ ભયંકર ભેદભાવનો સામનો કરી રહ્યા છે. આ વાતાવરણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના ઈરાદાઓને કારણે છે. તેમનું ધ્યાન કોઈપણ ભોગે સત્તા મેળવવા પર જ છે. તેમણે રાજકીય લાભ માટે નફરતને પ્રોત્સાહન આપ્યું છે. કોંગ્રેસ પાર્ટી અને હું હંમેશા બધાની પ્રગતિ, વંચિતોને ન્યાય અને દેશને મજબૂત કરવા માટે લડ્યા છીએ. કોંગ્રેસ અને ભારતનું ગઠબંધન બંધારણ અને લોકશાહીની રક્ષા માટે સમર્પિત છે. બધાના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કોંગ્રેસને મત આપો અને સાથે મળીને એક મજબૂત ભારતનું નિર્માણ કરીશું.

# ગુજરાતમાં સરેરાશ ૫૫.૨૨ ટકા મતદાન,સૌથી વધુ વલસાડમાં ૬૮.૧૨ ટકા અને ઓછું અમરેલીમાં ૪૫.૫૯ ટકા

અમદાવાદ,

આજે લોકસભા ચુંટણીનું ત્રીજા તબક્કાનું મતદાન થયું હતું ત્યારે ગુજરાતમાં ૫૦૭૮૭ જેટલા મતદાન મથકો પર મતદાન થયું હતું. રાજ્યમાં શાંતિપૂર્વ માહોલમાં મતદાન પૂર્ણ થયું હતું અને ૨૫ બેઠક પર ઉમેદવારના ભાવી ઈવીએમમાં કેદ થયા છે.ગરમીનો માર છતાં મતદારોનો જોરદાર જુસ્સો બતાવ્યો હતો રાજયમાં ૫ વાગ્યા સુધીમાં ૫૦.૨૨ ટકા મતદાન જોઈએ તો કચ્છમાં ૪૮.૯૬ ટકા મતદાન,જૂનાગઢમાં ૫૩.૮૪ ટકા મતદાન,અમદાવાદ પૂર્વ ૪૯.૯૫ ટકા મતદાન,મહેસાણામાં ૫૫.૨૩ ટકા મતદાન,આણંદમાં ૬૦.૪૪ ટકા મતદાન,બનાસકાંઠામાં ૬૪.૪૮ ટકા મતદાન,પાટણમાં ૫૪.૫૮ ,ટકા મતદાન,સાબરકાંઠા ૫૮.૮૨ ટકા મતદાન,ગાંધીનગરમાં ૫૫.૬૫ ટકા મતદાન,અમદાવાદ પશ્ચિમ .૫૦.૨૯ ટકા મતદાન,સુરેન્દ્રનગરમાં ૪૯.૧૯ ટકા મતદાન,રાજકોટથી ૫૪.૨૯ ટકા મતદાન,પોરબંદરમાં ૪૬.૫૧ ટકા મતદાન,જામનગરમાં ૫૨.૩૬ ટકા મતદાન,અમરેલીમાં ૪૫.૫૯ ટકા મતદાન,ભાવનગરમાં ૪૮.૫૯ ટકા મતદાન,ખેડામાં ૫૩.૮૩ ટકા મતદાન,પંચમહાલમાં ૫૩.૯૯ ટકા મતદાન,દાહોદમાં ૫૪.૭૮ ટકા ,મતદાન,વડોદરામાં ૫૭.૧૧ ટકા મતદાન,છોટાઉદેપુરમાં ૬૩.૭૬ ટકા મતદાન,ભરૂચમાં ૬૩.૫૬ ટકા મતદાન,બારડોલીમાં ૬૧.૦૧ ટકા મતદાન નવસારીમાં ૫૫.૩૧ ટકા મતદાન,વલસાડમાં ૬૮.૧૨ ટકા મતદાન થયું હતું અમરેલીમાં ફરજ પર હાજર કર્મીનું હાર્ટ એટેકથી મોત નિપજયું હતું. રાજકોટ જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારીએ મતદાન કર્યું હતું અધિકારી પ્રભવ જોશીએ તેમના ધર્મપત્ની જોડે મતદાન કર્યું હતું તમામ મતદારો સાથે લાઈનમાં ઉભા રહી મતદાન કર્યું હતુંપૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલે કડી ખાતે મતદાન કર્યુ હતું, તેમણે મતદાન બાદ વાતચીતમાં જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લોએ રાષ્ટ્રભક્ત જિલ્લો છે..લોકશાહીમાં પ્રબળ વિશ્વાસ ધરાવતો જિલ્લો છે.. એટલે બાકી જિલ્લા કરતા અહીં મતદાન ચોક્કસ વધું થશે.સાથે જ તેમણે કહ્યું



કે તેમના પક્ષે જે લક્ષ્યાંક સિદ્ધ કર્યો છે તે અવશ્ય પ્રાપ્ત થશે.ગીર સોમનાથ જિલ્લાના ઉના વિધાનસભા બેઠક પર સો ટકા મતદાન થયું છે. મધ્ય ગીર જંગલમાં આવેલા બાણેજ બુથ નંબર ત્રણમાં એક માત્ર મતદાર હરીદાસ બાપુએ મતદાન કરતા જ સો ટકા મતદાન થયું છે. ઉલ્લેખનીય છે કે દર ચૂંટણીમાં આ બુથ પર સો ટકા મતદાન થાય છે.વામાન વિભાગે ગુજરાતમાં આકરી ગરમીની આગાહી કરી છે અને અમદાવાદમાં આજે યલો એલર્ટ આપ્યુ છે. આકરી ગરમી વચ્ચે અમદાવાદમાં મતદાન ચાલી રહ્યુ છે. જોકે, બપોર બાદ અમદાવાદમાં ગરમીના કારણે મતદાન મથક સૂમસામ જોવા મળી રહ્યા છે. જેને લઈને હાલ મતદાન ટકાવારીમાં ઘટાડો થાય તો નવાઈ નહીં. જોકે, છેલ્લી કલાકોમાં થોડી ગતિ આવી શકે છે.

બારડોલી લોકસભા બેઠકમાં આવતા સોનગઢ નગરમાં રાહુલ સોની નામનો યુવક વરરાજાનો ડ્રેસ પહેરીને ઢોલ નગારા સાથે ઘોડા પર સવાર થઈને મતદાન કરવા પહોંચ્યો હતો. રાહુલ નામના યુવકે આ રીતે લોકશાહીના પર્વની અનોખી ઉજવણી કરી હતી. હાલ તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.ગુજરાતમાં લોકસભા ચૂંટણીનું ત્રીજા તબક્કાનું ગુજરાતમાં

૨૫ બેઠક પર મતદાન સાંજે ૬ વાગ્યે પૂર્ણ થયું છે. મતદાન મથકોના ગેટ બંધ કરી દીધા છે અને અંદર જેટલા મતદારો છે તેઓને મતદાન કરવા દેવામાં આવ્યા હતાં છેલ્લી ઘડીએ મતદાન વધારવા રાજકીય પક્ષોએ એડીચોટીનું જોર લગાવ્યું છે. મતદાન પૂર્ણ થવાના છેલ્લા કલાકોમાં મતદાન મથકો પર લાઈનો લાગી હતી. છેલ્લી ઘડીના મતદાન માટે મતદારો ઉમટ્યા છે. લોકસભાની ચૂંટણી માટેનું વહેલી સવારે શરૂ થયેલું મતદાન ૬ વાગતાની સાથે જ પૂર્ણ થયું છે. ભાજપ, કોંગ્રેસ સહિત ૧૨ ઉમેદવારોનું ભાવિ મતદાન પૂર્ણ થતાં ઈવીએમ મશીનમાં કેદ થઈ ગયું છે. જોકે આ વખતે બનાસકાંઠાના મતદારોએ બમ્પર વોટિંગ કર્યું છે અને ૨૦૧૯ની લોકસભાના મતદાનનો રેકોર્ડ તોડ્યો છે. આગામી ૪ જૂને લોકસભાની ચૂંટણીની મતગણતરી હાથ ધરાશે ત્યારે સ્પષ્ટ થઈ જશે કે બનાસકાંઠાની જનતાએ કોના તરફી મતદાન કર્યુ છે અને કોના ઉપર સંસદનો કળશ ઢોળ્યો છે..૨૦૨૪ લોકસભા ની ચુંટણી નું મતદાન પૂર્ણ થયું ત્યારે પોરબંદર બેઠક ખાતે પણ શાંતિપૂર્ણ માહોલ વચ્ચે પૂર્ણ થતા પોરબંદર બેઠક પરના બુથો પર ઈવીએમ મશીન બંધ કરવામાં આવ્યાં હતા અને સ્ટ્રોંગ રૂમ ખાતે સુરક્ષા વચ્ચે મૂકવામાં આવ્યા છે.

## ચૂંટણી ફરજ દરમ્યાન જાફરાબાદમાં મહિલા કર્મચારીનું હાર્ટ એટેકથી મૃત્યુ

અમરેલી

આજે નાગરિકોએ લોકશાહીના મહાપર્વના રંગમાં રંગાવવા વહેલી સવારથી મતદાન મથકો પર લાઈનો લગાવી હતી નાગરિકો સહપરિવાર સાથો મતદાન કરવા ઉમટી રહ્યા હતાં. ત્યારે આ બધાની વચ્ચે એક કરૂણ ઘટના સામે આવી છે. અમરેલીના જાફરાબાદની પ્રાથમિક શાળાની શિક્ષિકા મતદાન મથક પર ફરજ દરમ્યાન ઢળી પડ્યા હતાં, જેમનું મૃત્યુ થયું છે.જાફરાબાદની પ્રાથમિક શાળાની શિક્ષિકા મતદાન મથક પર ફરજ દરમ્યાન ઢળી પડ્યા હતાં. જેઓ ચૂંટણી કામગીરી કરી રહ્યાં હતાં. કૌશિકબેન બાબરીયા નામની મહિલા કર્મચારી ચૂંટણી કામગીરી કરી રહ્યાં હતાં તે દરમિયાન મૃત્યુ થતાં બુથ પર ગમગીન વાતાવરણ છવાયું હતું. અત્રે જણાવીએ કે, જેમનુ મોત હાર્ટ એટેકથી થયાનું પ્રાથમિક અનુમાન સામે આવ્યું છે.

## યાત્રાધામ અંબાજીમાં મતદાતાઓને મતદાન કરવા વરસાદે રાહત કરી આપી

,અંબાજી

યાત્રાધામ અંબાજીમાં ભરગરમીમાં મતદાન કરવા ક્યાં જવું તેવી ભક્તોની પોકાર સાંભળી લેતા હોય તે મા અંબાજીના ધામમાં ભરબપોરે ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સરક્યુલેશનની અસર હેઠળ ભરઉનાળ અંબાજી અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદ પડ્યો હોવાનું વૈજ્ઞાનિકો જણાવી રહ્યા છે.જો કે ધીમી ધારે પડેલા વરસાદના લીધે ખેડૂત વર્ગમાં નુકસાન થવાની ચિંતા છે. બીજી બાજુએ મતદાન કરવા જનારાઓએ રાહત અનુભવી હતી. હવામાન જાણકાર અંબાલાલ પટેલ અને હવામાન વિભાગે ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરી હતી. યાત્રાધામ અંબાજી પંથકમાં ગાજવીજ સાથે ધીમી ધારે વરસાદ તૂટી પડ્યો હતો.અંબાજી ઉપરાંત દાહોદ પંથકમાં પણ ભારે પવન સાથે વરસાદ વરસ્યો છે.આ ઉપરાંત અરવલ્લીના ભિલોડા સહિતના વિસ્તારોમાં વરસાદ પડયો હતો.અમદાવાદ શહેર અને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાતાવરણ સવારથી જ વાદળછાયુ હતુ. વાદળછાયા વાતવરણના લીધે ગરમીનો પારો થોડો ઘટ્યો હોવાનો અનુભવ થયો હતો.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકા આરોગ્ય વિભાગના કર્મચારીઓના ચુંટણીમાં અચાનક ઓર્ડર કરતાં ૩૦૦ કર્મચારીઓ મતદાનથી વંચિત

સંતરામપુર,

સંતરામપુર તાલુકા આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓને ચૂંટણીમાં અચાનક ઓર્ડર કરતા આશરે ૩૦૦ જેટલા કર્મચારીઓ મતદાનથી વંચિત રહ્યા. લોકસભાની ચૂંટણીને લઈને વહીવટી તંત્ર દ્વારા ૨૮૬ બુથ ઉપર મતદાન કરવા માટે અલગ અલગ વિભાગના કર્મચારીઓ દ્વારા કામગીરી કરવામાં આવી રહી હતી. જ્યારે સંતરામપુર તાલુકાના આરોગ્ય કર્મચારીઓની મતદાનના આગલા દિવસે સાંજના સમયે જીલ્લા આરોગ્ય અધિકારી દ્વારા ચૂંટણી કામગીરીની અચાનક ઓર્ડર કરી દેતા આશરે ૩૦૦ જેટલા કર્મચારીઓને લોકસભાનું ચૂંટણીનું મતદાન કરવું કરી શક્યા નહીં એને મતદાનથી વંચિત રાખવામાં આવેલ હતા. જો એક દિવસ પહેલા ઓર્ડર કરવામાં આવ્યું હોત પોસ્ટર ઓર્ડરથી પણ આ કર્મચારીઓ મતદાન કરી શકતા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટેના અનેક પ્રયાસો કરી રહેલા છે અને છેલ્લા એક મહિનાથી મતદાન જાગૃતિ માટે ઠેર ઠેર ગામડે ગામડે સૌથી વધારે મતદાન થાય તેના પ્રયત્નો પણ કરી રહેલા હતા. પરંતુ કર્મચારીઓ જ આ વખતે મતદાનથી વંચિત રહી ગયેલા હતા આરોગ્ય વિભાગના ફરજ બજાવતા કર્મચારી એ મ પી એ સ ડ બ લ્યુ, એફ.એસ.ડબલ્યુ., આશા વર્કર વિવિધ પોસ્ટ પર ફરજ બજાવતા કર્મચારીઓનો ઓર્ડર કરી દેતા આ વખતે મતદાનથી વંચિત રહ્યા હતા અને નારાજગી વ્યક્ત કરી હતી. સંતરામપુર તાલુકામાં મૂક્યા પછી પણ પરંતુ બુથ પ્રમાણે તેમનો વિસ્તાર ના હોવાના કારણે મતદાન કરી શક્યા જ નહીં તેવી પરિસ્થિતિ જોવા મળી આવેલી હતી.



ખાનપુર તાલુકાના ખૂટેલાવ ગ્રામ પંચાયત ના ઝેઝા ગામના નયનભાઈ ડામોરે મતદાન કર્યું હતું. તેવો પોતાનું લગ્ન હોવા છતાં પણ વરરાજા બનીને મતદાન કરવા માટે આવ્યા હતા.



લુણાવાડા પંચશીલ હાઈસ્કૂલ સખી મતદાન મથક ખાતે નાના બાળકો માટે રમકડાની સુવિધા ઊભી કરવામાં આવી


# મહીસાગર જીલ્લામાં ઉત્સાહપૂર્ણ માહોલમાં મતદાનનો પ્રારંભ



મહીસાગર,

લોકશાહીના અવસર સમી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાનની શાંતિપૂર્ણ માહોલમાં શરૂઆત થઈ છે. ત્યારે મહીસાગર જીલ્લામાં વડીલો, મહિલાઓ અને યુવાઓ સવાર સવારમાં જ મતદાન માટે ઉમટ્યા હતાં અને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ સાથે સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં પણ નાગરિકો ઉત્સાહભેર મોટી સંખ્યામાં મતદાન માટે ઉમટી રહ્યાં છે. મહીસાગર જીલ્લાવાસીઓમાં ચૂંટણીનો અનોખો ઉત્સાહભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. સમાવેશી ચૂંટણી માટે દિવ્યાંગો, વૃદ્ધો, થર્ડ જેન્ડરો અને મહિલા મતદારો માટે ચૂંટણી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે, તેમજ હીટવેવને ધ્યાને રાખીને તમામ મતદાન મથકો ખાતે પીવાના પાણીની વ્યવસ્થા, છાયાની વ્યવસ્થા તેમજ ORS અને જરૂર પડે તો સારવારની વ્યવસ્થાઓ પણ રાખવામાં આવી છે.

# જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરએ લુણાવાડા ખાતે મતદાન કર્યું



મહીસાગર,

મહીસાગર જીલ્લાના લુણાવાડા કિસાન માધ્યમિક વિદ્યાલય ખાતે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નેહા કુમારીએ મતદાન કર્યું હતું અને લોકોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી હતી.જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નેહા કુમારીએ સૌને મતદાન માટે અપીલ કરતા જણાવ્યું હતું કે, મે આજે મતદાન કરી લોકશાહીમાં ભાગીદારી નોંધાવી છે. મહીસાગર જીલ્લાના સૌ નાગરિકો પણ આવો અને વોટીંગ કરી લોકશાહીમાં ભાગીદાર બની આપના અધિકારનો ઉપયોગ કરો. તેમણે આ મહાપર્વમાં ભાગ લઈ વધુમાં વધુ મતદાન કરવા માટે જાહેર અપીલ કરી હતી.



મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુરથી ૧૦ કિ.મી દૂર આવેલ હાડાના મુવાડા ગામમાંવહેલી સવારથી જ મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ત્યારે ૯૨ વર્ષની ઉંમરે એવા વૃદ્ધ ભેમાભાઈ ધીરાભાઈએ પોતાની ૯૨ વર્ષની ઉંમરે પણ આજે પણ તેમનો પોતાનો મત આપ્યો હતો અને આજે પણ તેમનો ઉત્સાહ જોવા મળ્યો છે. ત્યારે વહેલી સવારે જ મત આપવા માટે મતદાન મથકે પહોંચ્યા હતા.



ખેડા લોકસભા બેઠક માટે પ્રાથમિક શાળા મતદાન મથક ખાતે વહેલી સવારે મતદારો મતદાન કરવા ઉમટ્યા.દિપસિંહ એમ ગઢવી, રિટાયર્ડ પીએસઆઇ વોટ આપી કર્યા ગણેશાય.

# જીલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારો માટે ફ્રી પીકઅપ અને ડ્રોપ સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે



મહીસાગર,

સમગ્ર ગુજરાતની સાથે આજે મહીસાગર જીલ્લામાં પણ મતદાન યોજાઈ રહ્યું છે. મતદાનને લઈને લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આજ સવારથી મતદારો ઉત્સાહપૂર્વક મતદાન કરવા જઈ રહ્યા છે. ત્યારે જીલ્લા ચુંટણી અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ૮૫ થી વધુ ઉંમરના, દિવ્યાંગ મતદારો, અશક્ત મતદારો અને બીમાર મતદારો માટે ફ્રી પીક અપ અને ડ્રોપ સુવિધા વહીવટી તંત્ર દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે.

# કપડવંજની એમપી હાઈસ્કૂલ ખાતે નગરજનોનો મતદાનનો જુસ્સો યથાવત

નડિયાદ,

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે સમગ્ર ખેડા મતવિસ્તાર માટે મતદાન ચાલી રહ્યું છે ત્યારે ૧૨૦- કપડવંજ બેઠકના એમ.પી હાઈસ્કૂલ ખાતે તમામ વય જૂથના મતદારો દ્વારા વોટ આપી લોકશાહીનો ઉત્સવ મનાવવામાં આવી રહ્યો છે. અહીં મહિલા મતદારોને આકર્ષવા ૧૧૭- સખી સંચાલિત મતદાન બુથ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ૦૫ મહિલા મતદાન સ્ટાફ દ્વારા મતદાનની કામગીરી સુપેરે કરવામાં આવી રહી છે.

ત્યારે કપડવંજના હજીયાણી પાર્ક સોસાયટીના રહીશ, ૨૧ વર્ષીય આરજુ પઠાણે લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત પ્રથમ વખત મતદાન કરી આનંદની લાગણી અનુભવી હતી. સાથે જ આરજુ પઠાણે જીલ્લાના યુવા મતદારોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી હતી.

# નડિયાદ દિવ્યાંગ મતદારોએ મતદાન કરી નાગરિક ધર્મ નિભાવ્યો

ખેડા લોકસભા બેઠક માટે જીલ્લાની ડભાણ સ્થિત પંડ્યા માણેકલાલ ફુલચંદ પ્રાથમિક શાળા, મતદાન મથક નં-૨૨૬ ખાતે દિવ્યાંગ મતદારોએ વોટ આપ્યો. ડભાણના દંપતી ગોવિંદભાઈ સોમાભાઈ રાવળ અને સજનબેન ગોવિંદભાઈ રાવળએ તેમનો પવિત્ર વોટ આપી લોકશાહીના મહાઉત્સવમાં ભાગીદારી નોંધાવી હતી. જ્યાં આ દિવ્યાંગ મતદારોને વ્હીલ ચેર અને પરિવહન માટે વાહનની સુવિધાઓ આપવામાં આવી હતી.

# નડિયાદ કિન્નર સમાજ દ્વારા મતદાન કરી નાગરિક તરીકેની ફરજ અદા કરવામાં આવી

ખેડા લોકસભા બેઠક માટે જીલ્લાના પ્રાથમિક શાળા નં-૪, મતદાન મથક નં-૯૬ ખાતે પીજ ભાગોળ સ્થિત અખાડાના કિન્નરોએ મતદાન કર્યું. અંદાજીત ૨૦ કિન્નરોએ એક સાથે મતદાન કરી લોકશાહીના અવસરમાં સહભાગી થયા. શીલાકુવરે મતદાન કરી હર્ષની લાગણી અનુભવતા જણાવ્યું કે આજે તેમના દાદા ગંગારામી, પીજ ભાગોળ અખાડાના કિન્નરોએ લોકસભા સામાન્ય ચૂંટણી માટે મતદાન કરી તેમની ફરજ બજાવી હતી.

# મહુધાના ધંધોડી ખાતે મતદારોએ વોટ આપી લોકશાહી ઉત્સવમાં સહભાગી થયા

નડિયાદ,

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે સમગ્ર ખેડા મતવિસ્તાર માટે મતદાન ચાલી રહ્યું છે ત્યારે ૧૧૮- મહુધા બેઠક માટે ધંધોડી ગામની પ્રાથમિક શાળા ઈસ્ટ ખાતે સખી સંચાલિત અને દિવ્યાંગ સંચાલિત મતદાન બુથ પર મતદારોએ વોટ આપી નાગરિક તરીકેની જવાબદારી નિભાવી હતી.અહીં ધંધોડી-૧ દિવ્યાંગ સંચાલિત મતદાન બુથ અને ધંધોડી-૨ સખી સંચાલિત મતદાન બુથ પર દિવ્યાંગ અને મહિલા સ્ટાફ દ્વારા સમગ્ર મતદાન પ્રક્રિયાને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. જેમાં સખી સંચાલિત મતદાન બુથને લાઈટ પિંક કલરથી સુશોભિત કરવામાં આવ્યું હતું. જે મતદારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

આ પ્રસંગે ધંધોડી ગામના દંપતિ મતદાર, ૬૬ વર્ષીય રમણભાઈ મંગળભાઈ ભોઈ અને તેમના પત્ની કાંતાબેન રમણભાઈ ભોઈએ વોટ આપી સેલ્ફી બુથ પર ફોટો પડાવી લોકશાહીના અવસરમાં ભાગીદારી નોંધાવી હતી.

# કપડવંજના હિરાપુર તાબેના દિવ્યાંગ મતદાન મથક ખાતે વોટ કરતા દંપતી

નડિયાદ,

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે સમગ્ર ખેડા મતવિસ્તાર માટે મતદાન ચાલી રહ્યું છે ત્યારે ૧૨૦- કપડવંજ બેઠકના હિરાપુર તાબે પ્રાથમિક શાળા ખાતે ૧૫૧- દિવ્યાંગ સંચાલિત મતદાન મથકમાં ૦૬ દિવ્યાંગ સ્ટાફ દ્વારા મતદાન પ્રક્રિયાની કામગીરી કરવામાં આવી રહી છે. આ મતદાન મથકે મેડિકલ ટીમ દ્વારા મતદારો માટે પ્રાથમિક મેડિકલ કીટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ત્યારે હીરાપુર તાબે ગામના દંપતી બળદેવભાઈ દેસાઈભાઈ પરમાર અને તેઓની પત્ની શાંતાબેન બળદેવભાઈ પરમારે મતદાન કરી સેલ્ફી પડાવી હતી.



મલેકપુરમાં મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યું

# માતરની એચ ડી પારેખ હાઈસ્કૂલ ખાતે સખી સંચાલિત મતદાન મથકમાં કરવામાં આવ્યું મતદાન

નડિયાદ,

૧૭- ખેડા લોકસભા બેઠક માટે એચ ડી પારેખ હાઈસ્કૂલ, માતર , સખી સંચાલિત મતદાન બુથ-૧૪, રૂમ ન ૨ ખાતે કુલ ૦૫ મહિલા મતદાન અધિકારીઓએ મતદાન કામગીરી કરાવી. જેમાં ખાસ બુથ સ્થિત આંગણવાડી બહેનો દ્વારા મતદારોને મતદાન કરવા સંદર્ભમાં માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યું. આ બુથ પર હીટવેવની સમસ્યાને ધ્યાનમાં રાખીને કૂલરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી.

# મહેમદાવાદના સિહુંજ ગામે રંગબેરંગી ફુગ્ગાઓથી શણગારવામાં આવેલ સુંદર આદર્શ મતદાન મથક

નડિયાદ,

૧૭-ખેડા લોકસભા બેઠક માટે મહેમદાવાદના સિહૂંજ ગામના મતદારોને આકર્ષવા સિહુંજ,કુમાર પ્રાથમિક શાળા ખાતે આદર્શ મતદાન મથક તૈયાર કરવામાં આવ્યું છે.

સિહુંજ,આદર્શ મતદાન મથક ન - ૧૩૦ ને રંગબેરંગી ફુગ્ગાઓથી શણગારીને સુંદર રીતે તૈયાર કરવામાં આવ્યું છે. અહીં ‘‘ગો વોટ‘‘ સૂત્ર સાથે મતદાન સેલ્ફી પોઈન્ટ પર ઊભો કરવામાં આવ્યો છે. જેમાં સિહુંજ ગામના યુવા મતદારે સેલ્ફી પડાવી‘‘આઈ એમ એ પ્રાઉડ વોટર‘‘ તરીકે મતદાન ઉત્સવનો આનંદ લીધો હતો.

# લુણાવાડાના મધવાસ ગામે મહિસાગર નદીમાં ન્હાવા પડેલા ત્રણ યુવાનો પૈકી એકનુ ડુબી જવાથી મોત

લુણાવાડા,

લુણાવાડા તાલુકાના મધવાસ ગામ પાસેથી પસાર થતી મહિસાગર નદીમાં રજાના દિવસે ન્હાવા ગયેલા લુણાવાડાના ત્રણ યુવાનો પૈકી એક યુવાનનુ ઉંડા પાણીમાં ડુબી જવાથી મોત નીપજયું હતુ.

મધવાસ ગામ પાસેથી પસાર થતી મહિસાગર નદીમાં લુણાવાડાના ત્રણ યુવાનો રજાનો દિવસ હોય ન્હાવા માટે ગયા હતા. જેમાંથી બે યુવાનો ન્હાવા જતાં તેમાંથી અચાનક એક યુવાન ડુબી જતાં દોડધામ મચી જવા પામી હતી.

લુણાવાડાના ડબગર પરિવારનો એકનો એક પુત્ર મયુર ડબગર મહિસાગર નદીમાં ડુબી જતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. બનાવ અંગે જાણ થતાં લુણાવાડા પોલીસને કરાતા પોલીસ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી. લુણાવાડાની ફાયર ટીમ દ્વારા બોટ મારફતે યુવાનની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ત્યારે મોડી સાંજ સુધી યુવાનની ભાળ મળી ન હતી. સતત બીજા દિવસે વહેલી સવારથી લુણાવાડા નગરપાલિકા ફાયરની ટીમ યુવાનની શોધખોળમાં લાગી હતી. ત્યારે બીજા દિવસે મયુર ડબગરનો મૃતદેહ મળી આવ્યો હતો. મહિસાગર નદી પર ન્હાવા નહિ જવા માટે જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ કરાયેલ હોવા છતાં કેટલાક લોકો ઉનાળાની ગરમીને કારણે અહિં સ્નાન કરવા માટે આવતા હોય છે.

# દાહોદમાં ઉબડ-ખાબડ માર્ગોનો સરખા કરવાની કામગીરી હાથ ધરાઈ

દાહોદ,

સ્માર્ટસિટીમાં સમાવિષ્ટ દાહોદ શહેરમાં એક વર્ષ પહેલા દાહોદ શહેરમાં સ્માર્ટસિટી અંતર્ગત ૧૦ વિસ્તારના માર્ગોના ૫૩ કરોડ રૂપિયાના ખર્ચે અપગ્રેડેશનની યોજના બનાવાઈ હતી. રસ્તાઓનુ નિર્માણ પણ શરૂ કરવામાં આવ્યુ હતુ. પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી આ રસ્તાઓ અડધા જ બનાવીને કામગીરી બંધ કરી દેવામાં આવી હતી. તેમાંય દાહોદ શહેરના સ્ટેશન રોડ, સ્વામી વિવેકાનંદ સર્કલ, બસ સ્ટેન્ડ, એસ.પી.ઓફિસ રોડ, હુસૈની મસ્જિદ, અને ગોધરા રોડ વિસ્તારમાં એક તરફના રસ્તાના ટુકડા તો બનાવીને છોડી દેવાતા ત્યાંથી પસાર થતાં વાહનચાલકોને ઠેકડા મારવાનો વારો આવ્યો હતો. આ સાથે માર્ગ અકસ્માતો પણ સર્જાતા હતા. ૧૦ વિસ્તારના રસ્તાઓ અંગેની પ્રજાની આ પીડાનો મુદ્દો ઉઠાવ્યો ત્યારે સ્માર્ટસિટી તંત્ર દ્વારા રસ્તાઓની કામગીરી શહેરમાં ફરીથી શરૂ કરવામાં આવી છે. સ્ટેશન રોડ ઉપરથી સ્વામી વિવેકાનંદ સર્કલ ઉપર રસ્તાને વ્યવસ્થિત કરવામાં આવતા લોકોમાં આનંદ ફેલાયો છે. આ સાથે અહિં બાકીનો રસ્તો પણ બનાવવાનો શરૂ કરાયો છે. તેવી જ રીતે ગોધરા રોડ વિસ્તારમાં પણ કામ કરવામાં આવ્યુ છે. આ રસ્તાઓની કામગીરી ફરીથી શરૂ થતાં લોકોએ હાશ અનુભવી છે.

# આપની આજ.......

મેષ: પતિ-પત્ની વચ્ચે મધુરતા રહેશે. વેપારમાં લાભ પ્રાપ્તિ માટે કરેલાં નવા કરાર વિકસિત થશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. ઘરની દેખરેખ તથા સજાવટને લગતા કાર્યોમાં સારો સમય પસાર થશે.

વૃષભ: વેપારમાં આજે પરિસ્થિતિ સામાન્ય જ રહેશે. સ્વાસ્થ્ય સારુ રહેશે. આ સમયે તમારા નિર્ણય ઉપર જ વિશ્વાસ રાખો. આજે દોડભાગ વધારે રહેશે પરંતુ સફળતા મળવાથી સુખ પણ મળશે.

મિથુન: બેદરકારી અને મોડું કરવાથી કોઈ મહત્ત્વપૂર્ણ કામ અટકી શકે છે. લગ્નજીવનમાં મધુરતા રહેશે. આ સમયે તમારી વ્યવસાયિક પાર્ટીઓ સાથે સંબંધોને વધારે સારા કરવાની જરૂરિયાત છે. આજનો દિવસ પરિવાર સાથે સારો પસાર થશે.

કર્ક: ઘરના કોઈ સભ્યની નકારાત્મક ગતિવિધિથી તમને ચિંતા થઈ શકે છે. લગ્ન યોગ્ય વ્યક્તિઓ માટે ઉત્તમ સંબંધ આવે તેવી શક્યતા છે. આજે આર્થિક સ્થિતિમાં સુધાર આવશે. સીઝનલ બિમારી આવી શકે છે.

સિંહ: મુશ્કેલી કે વિઘ્નો સિવાય તમે તમારા બધા કામને પૂર્ણ કરવામાં સક્ષમ રહેશો. તમને કોઈ મુશ્કેલ સમયમાં પરિવારના સભ્યોનો પૂર્ણ સહયોગ મળશે. તમારા બજેટને તમારી જરૂરિયાતો પ્રમાણે સીમિત અને સંતુલિત રાખો.

કન્યા: કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે. તમારા મનમાં જે કલ્પનાઓ અને સપના છે, તેમને સાકાર કરવાનો યોગ્ય સમય છે.

તુલા:સહયોગીઓ અને કર્મચારીઓ સાથે સંબંધ ખરાબ થવા દેશો નહીં. માંસપેશીઓમા દુખાવો રહી શકે છે. મિત્રો સાથે વધારે હરવા-ફરવામાં સમય ખરાબ ન કરો. મનમાં ચાલી રહેલી કોઈ દુવિધાનું પણ સમાધાન મળી શકે છે.

વૃશ્ચિક: કાર્યક્ષેત્રમાં શાંતિથી કાર્ય પૂર્ણ થતાં જશે. માંસપેશીઓમાં દુખાવાની તકલીફ રહેશે. ધન પ્રાપ્તિની દિશામાં કરેલાં પ્લાનમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન: ખર્ચ વધારે રહેવાની અસર તમારી શાંતિ અને ઊંઘ ઉપર થઈ શકે છે. પતિ-પત્નીના સંબંધ મધુર રહેશે. વ્યાપારિક સ્પર્ધામાં આજે તમને કોઈ વિશેષ સફળતા પ્રાપ્ત થવાની છે. તમારી અંદર કઈંક વધારે સારું શીખવા અને કરવાની દઢ ઈચ્છા જાગૃત થશે.

મકર: પ્રોપર્ટીને લગતા વ્યવસાયમાં કોઈ મહત્ત્વપૂર્ણ ડીલ થવાની શક્યતા છે. આજે દોડભાગ વધારે રહેશે. ભૂતકાળની વાતોને વર્તમાન ઉપર હાવી થવા દેશો નહીં. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે.

કુંભ: કામકાજને લઈને થોડો ઠોસ અને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવો લાભદાયક રહેશે. ઈન્ફેક્શન અને તાવની સ્થિતિ રહી શકે છે. કોઈપણ મુશ્કેલી સમયમાં અનુભવી પાસેથી સલાહ લેવી યોગ્ય રહેશે. લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સમય અનુકૂળ છે.

મીન: કાર્યક્ષેત્રમાં કરવામાં આવેલી મહેનતનું યોગ્ય પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. ધનને લગતી નીતિઓમાં કોઈપણ પ્રકારની ઉતાવળ ન કરો. તમારા ગુસ્સા ઉપર કાબૂ રાખો. તમારી કાર્યપ્રણાલીમાં કરેલું કોઈ પરિવર્તન પોઝિટિવ રહેશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ લોકસભા ચુંટણી મતદાનમાં મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યું

દાહોદ, દાહોદ જીલ્લામાં લોકસભાની ચુંટણીને લઈ મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વહેલી સવારથી શરૂં થયેલ મતદાનમાં સવારથી જ મતદારોમાં અનેરા ઉત્સાહ સાથે મતદાન કર્યુ હતું. સવારે ૦૭ કલાકે શરૂં થયેલ મતદાન બપોરના ૦૩ વાગ્યા સુધી દાહોદ જીલ્લામાં ૪૬.૯૭ ટકા મતદાન નોંધાંયું હતું. યુવાનો, વયોવધ્ધોથી લઈ મહિલાઓની મતદાન કરવા માટે મતદાન મથકોએ લાંબી લાઈનો જોવા મળી હતી. દાહોદ જીલ્લામાં શાંતિપુર્ણ માહૌલમાં મતદાન પ્રક્રિયા સમ્પન્ન થઈ હતી. કોઈ અનિચ્છીનીય બનાવ ન બને તે માટે દાહોદ જીલ્લા પોલીસ દ્વારા તમામ મતદાન મથકોએ ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ત્રીજા તબક્કામાં દાહોદ જીલ્લાના નાગરિકોને તેમના મતાધિકારનો ઉપયોગ કરી લોકતંત્રને ધબકતું રાખવા પોતાનો પવિત્ર મત આપી રહ્યાં છે. વહેલી સવારથી જ દાહોદ જીલ્લામાં શાંતિપૂર્ણ મતદાનનો પ્રારંભ થઇ ગયો છે, અને લોકો મતદાન કેન્દ્રો ઉપર જઈ મતદાન કરી રહ્યાં છે. દાહોદમાં મતદાન માટે મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. દાહોદ જીલ્લાવાસીઓ મતદાનની પવિત્ર ફરજ નિભાવવા કટિબદ્ધ છે તે વહેલી સવારથી મતદાન મથકો પર લાગેલી લાઈનો જોઈને લાગી રહ્યું છે. દાહોદ જીલ્લા વાસીઓ અનેરા ઉત્સાહ સાથે મતદાન મથકો પર પહોંચી મતદાન કરી રહ્યા છે. મતદારો માટે મતદાન મથક પર આનુસંગિક તમામ વ્યવસ્થાઓ પણ કરવામાં આવી છે. મતદારોને પડતી અગવડ અન્વયે સહાયતા કેન્દ્રો પણ તેમની મુશ્કેલીઓ નિવારવા પ્રયત્નશીલ છે. દાહોદ જીલ્લાના યુવાઓથી માંડીને વરિષ્ઠ મતદારો તેમજ દિવ્યાંજનો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી અન્ય લોકોને પણ આજે સાંજના ૬ વાગ્યા સુધી અવશ્ય મતદાન કરવાની અપીલ કરી રહ્યા છે.દાહોદ તાલુકાના ખોડવા ખાતે સૌ પ્રથમ મતદાન કરતા દિવ્યાંગ મતદાતા તડવી નંદાભાઈ તથા તડવી રતનબેન તેમજ દાહોદ તાલુકાના ખરોડ ખાતે મતદાન કરતા દિવ્યાંગ મતદાતા નિનામા સુરેશભાઈ સુરમલભાઈ ૯૦% અસ્થિવિષયક તથા નિનામા સુમિત્રાબેન સુરેશભાઈ ૧૦૦% દ્દષ્ટિહીન છે, તેમ છતાંય તેઓએ મતદાન મથકે આવી લોકશાહી પ્રત્યેની પોતાની ફરજ બજાવી હતી. એ જ રીતે ગરબાડા તાલુકાના મીનાક્યારમાં દિવ્યાંગ લાભાર્થી બિલવાલ રમેશભાઈ મકાભાઈ દ્વારા ફ્રી ટ્રાન્સપોર્ટેશન અને વ્હીલચેર અને સહાયકની મદદથી મતદાન કરવામાં આવ્યું હતું.

| સવારે ૦૭ થી સાંજના ૦૫ કલાક સુધીના આંકડા | |
|---|---|
| ૧૨૯ ફતેપુરા | ૫૦.૨૯ ટકા |
| ૧૩૦ ઝાલોદ | ૪૮.૯૯ ટકા |
| ૧૩૧ લીમખેડા | ૬૪.૦૩ ટકા |
| ૧૩૨ દાહોદ | ૫૬.૦૫ ટકા |
| ૧૩૩ ગરબાડા | ૫૨.૬૯ ટકા |
| દેવગઢ બારીઆ | ૫૮.૫૯ ટકા |
| કુલ | ૫૪.૭૮ ટકા |


દાહોદ જીલ્લાના દે.બારીયા તાલુકાના ધારાસભ્ય અને રાજ્યના મંત્રી બચુભાઈ ખાબડએ તેમના વતન ધાનપુર તાલુકાના પીપેરો ગામમાં પોતાનો વોટ આપ્યો.


દાહોદમાં દિવ્યાંગજનોએ મતદાન મથકે આવી મત આપી અન્ય મતદારો માટે બન્યા પ્રેરણારૂપ


દાહોદમાં દાસા ખાતે ૧૦૦ વર્ષના વૃદ્ધા મતદાન કરવા મતદાન મથકે પહોંચ્યા


દાહોદ જીલ્લા ચુંટણી અધિકારી યોગેશ નિરગુડેએ સહપરિવાર સાથે મતદાન કર્યુ


દાહોદના ધાનપુર તાલુકાના કોટમ્બી ગામ ખાતે લગ્ન કરવા જતા પહેલાં વરરાજાએ કર્યું મતદાન


દેવગઢ બારીયામાં તમામ મતદાન કેન્દ્રો ખાતે નંદઘર બનાવાયા


લાકડીના ટેકે આવીને મતદાન કરનાર ૮૫ વર્ષીય બા એ મતદાતાઓનો વધાર્યો ઉત્સાહ


દાહોદ ખાતે મતદાન કરી ''મારૂં મતદાન - સુરક્ષિત મતદાન'' નો સંદેશ આપતા આર.જે.હર્ષ

## દાહોદ ના સાંસદ ના ઉમેદવાર જસવંત સિંહ ભાભોર એ ફેમેલી સાથે મતદાન મથક પર આવી મતદાન કયુ



દાહોદ આજરોજ વહેલી સવાર થી મહીલા ઓ પોતાનો વોટ નાખવા લાઈન મા ઉભા થઈ ગયા હતાદાહોદ ના સાંસદ ના ઉમેદવાર જસવંત સિંહ ભાભોર એ તેમના વતન સીગવડ મા તેમના માતા પિતા ના આશિર્વાદ લઈ તેમનો વોટ ફેમેલી સાથે મતદાન મથક પર આવી મતદાન કર્યું હતું અને કહ્યું કે મોદી ના વિકાસ ને જનતા એ સવીકાર્યો છે અને આ વખતે ૪૦૦ પાર સીટો અમો જીતીશુ તેવો વિશ્વાસ જતાવ્યો હતો

## સંજેલી રસ્તાઓ પર ગટરનુ ગંદુ પાણી વહેતા લોકો પરેશાન

સંજેલી, સંજેલી માંડલી ચોકડી તેમજ રાજમહેલ રોડ પર ગટરના પાણી રોડ પર જ વહેવા લાગતા શાકભાજી અને ફ્રુટ બજારમાં ખરીદી-વેચાણ કરવા આવા લોકો અને સ્થાનિક લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સંજેલી ગ્રામ પંચાયત વિસ્તારમાં ગટરની પ્રાથમિક સુવિધાઓને લઈને ગ્રામજનો દ્વારા વારંવાર પંચાયતમાં રજુઆતો કરવામાં આવે છે. પરંતુ તેના કોઈ નકકર પગલા લેવામાં આવતા નથી. ગટરોની યોગ્ય સાફસફાઈ કરવામાં આવતી નથી. અને તેની જાળવણી પણ કરવામાં આવતી નથી. અને કેટલાક વિસ્તારોમાં ગટરો બની ગઈ છે પરંતુ તેનો ઉપયોગ પણ કરવામાં આવતો નથી. માત્ર સરકારના રૂપિયાનો ખોટો વ્યર્થ કરવામાં આવ્યો હોય તેમ ગટરો પણ પુરી દેવામાં આવી છે. પંચાયત તંત્ર દ્વારા આ બાબતે કોઈ દયાન આપવામાં આવતુ નથી. સરપંચ અને સભ્યોની નારાજગીને લઈને ગ્રામ પંચાયતમાં કોઈ વિકાસના કામો થતાં નથી. એકબીજાના પગ ખેંચવામાં લોકોને પીસાવવાનો વારો આવ્યો છે. છેલ્લા બે માસથી પંચાયતના કર્મચારીઓ પગારની માંગને લઈને હડતાળ પર ઉતર્યા છે. તેમ છતાં પણ આ બાબતે ના તો કર્મચારીઓને પગાર ચુકવવામાં આવે છે ના તો તેમની સાથે બેઠક કરી અને તેનુ સમાધાન કરવામાં આવે છે. પંચાયતના નળ કનેકશન દ્વારા પાણી પણ ચાર-પાંચ દિવસે આપવામાં આવે છે.

## વેબ કાસ્ટીંગ દ્વારા દાહોદ જીલ્લામાં મતદાન મથકો પર લાઈવ વોચ

### મોનિટરિંગ રૂમમાં વેબ કાસ્ટિંગ થકી કરાયેલું મતદાન પ્રક્રિયાનું સાતત્યપૂર્ણ નિરીક્ષણ



દાહોદ, લોકસભા બેઠકની ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા પર બાજ નજર રાખવા કેન્દ્રીય ચૂંટણી પંચના નિર્દેશ મુજબ જીલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેના નેતૃત્વમાં ખાસ મોનીટરિંગ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. જેના દ્વારા જીલ્લાના મતદાન મથકોની કામગીરીનું લાઈવ વેબકાસ્ટિંગ થકી સાતત્યપૂર્ણ નિરિક્ષણ કરવામાં આવી રહ્યું છે.

જીલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેની સૂચના મુજબ લાઈવ વેબ કાસ્ટિંગ થકી મતદાન મથકો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. જો કોઈ પ્રશ્ન જણાય તો સંબંધિત વિસ્તારના એ.આર.ઓ.નું તરત ધ્યાન દોરવામાં આવે છે અને તેના દ્વારા પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવવામાં આવે છે.

અહીંના સ્ટાફ દ્વારા વેબ કાસ્ટિંગ થકી લાઈવ વોચ રાખવામાં આવી રહી છે. આ સમગ્ર કામગીરી સુચારૂ રીતે થઈ શકે તે માટે જીલ્લા ચૂંટણી તંત્રએ તમામ પ્રકારના પ્રયત્નો કરવામાં આવી છે.

અગાઉથી જ વેબ કાસ્ટિંગ માટેના પોલિંગ બૂથોનું સંપૂર્ણ સેટ અપ થઈ ગયાનું લાઈવ નિરિક્ષણ કરાયું હતું. મતદાનના દિવસે સવારથી જ મોકપોલથી શરૂ કરીને મતદાનની કામગીરીનું લાઈવ નિરીક્ષણ કરાઈ રહ્યું છે. આજે મતદાન પછી પણ પોલિંગ બૂથો પરથી ઈ.વી.એમ. સહિતની સામગ્રી તેમજ તમામ સ્ટાફ બૂથ ખાલી કરીને રવાના ન થાય ત્યાં સુધી લાઈવ વોચ રખાશે. તમામ બૂથ પરથી સ્ટાફ રવાના થઈ ગયાની અને બૂથ ખાલી થયાની ખાતરી થયા પછી જ અહીં લાઈવ નિરિક્ષણની કામગીરી સંપન્ન થશે.

## યુવાઓથી માંડીને વરિષ્ઠ મતદારો તેમજ દિવ્યાંગજનો પણ પોતાના મત આપવા જોડાયા



દાહોદ, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ત્રીજા તબક્કામાં દાહોદ જીલ્લાના નાગરિકોને તેમના મતાધિકારનો ઉપયોગ કરી લોકતંત્રને ધબકતું રાખવા પોતાનો પવિત્ર મત આપી રહ્યાં છે. વહેલી સવારથી જ દાહોદ જીલ્લામાં શાંતિપૂર્ણ મતદાનનો પ્રારંભ થઇ ગયો છે, અને લોકો મતદાન કેન્દ્રો ઉપર જઈ મતદાન કરી રહ્યાં છે. દાહોદમાં મતદાન માટે મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

દાહોદ જીલ્લાવાસીઓ મતદાનની પવિત્ર ફરજ નિભાવવા કટિબદ્ધ છે તે વહેલી સવારથી મતદાન મથકો પર લાગેલી લાઈનો જોઈને લાગી રહ્યું છે. દાહોદ જીલ્લા વાસીઓ અનેરા ઉત્સાહ સાથે મતદાન મથકો પર પહોંચી મતદાન કરી રહ્યા છે. મતદારો માટે મતદાન મથક પર આનુસંગિક તમામ વ્યવસ્થાઓ પણ કરવામાં આવી છે. મતદારોને પડતી અગવડ અન્વયે સહાયતા કેન્દ્રો પણ તેમની મુશ્કેલીઓ નિવારવા પ્રયત્નશીલ છે. દાહોદ જીલ્લાના યુવાઓથી માંડીને વરિષ્ઠ મતદારો તેમજ દિવ્યાંજનો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી અન્ય લોકોને પણ આજે સાંજના ૬ વાગ્યા સુધી અવશ્ય મતદાન કરવાની અપીલ કરી રહ્યા છે.દાહોદ તાલુકાના ખોડવા ખાતે સૌ પ્રથમ મતદાન કરતા દિવ્યાંગ મતદાતા તડવી નંદાભાઈ તથા તડવી રતનબેન તેમજ દાહોદ તાલુકાના ખરોડ ખાતે મતદાન કરતા દિવ્યાંગ મતદાતા નિનામા સુરેશભાઈ સુરમલભાઈ ૯૦% અસ્થિવિષયક તથા નિનામા સુમિત્રાબેન સુરેશભાઈ ૧૦૦% દ્દષ્ટિહીન છે, તેમ છતાંય તેઓએ મતદાન મથકે આવી લોકશાહી પ્રત્યેની પોતાની ફરજ બજાવી હતી. એ જ રીતે ગરબાડા તાલુકાના મીનાક્યારમાં દિવ્યાંગ લાભાર્થી બિલવાલ રમેશભાઈ મકાભાઈ દ્વારા ફ્રી ટ્રાન્સપોર્ટેશન અને વ્હીલચેર અને સહાયકની મદદથી મતદાન કરવામાં આવ્યું હતું.

## ફતેપુરા તાલુકામાં લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થતા વહીવટી તંત્રએ હાશકારો અનુભવ્યો



ફતેપુરા આજરોજ લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ગુજરાતની ૨૫ બેઠકો માટે મતદાન યોજાયું હતુ જેમાં દાહોદ લોકસભા બેઠકનું પણ સવારના સાત કલાકથી સાંજના છ કલાક સુધી મતદાન યોજાઈ ગયુ જેમાં ફતેપુરા તાલુકામાં પણ શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થતા વહીવટીતંત્ર સહિત સલામતી સ્ટાફ દ્વારા હાશકારો અનુભવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ આજરોજ ફતેપુરા તાલુકામાં દાહોદ લોકસભા બેઠક માટે સવારના સાત કલાકથી મતદાન પ્રક્રિયા ની શરૂઆત કરવામાં આવી હતી શરૂઆતના બે કલાકમાં ફતેપુરા તાલુકામાં ૧૦.૪૨ ટકા જેટલું મતદાન નોંધાયું હતું જ્યારે ૯ થી ૧૧ કલાકના અરસામાં ૨૬.૫૧ટકા ૧૧ કલાકથી ૧ કલાક સુધીમાં ૩૮.૮૫ ટકા ૧ કલાકથી ૩ કલાક સુધી ૪૪.૫૬ ટકા જ્યારે ૩ થી ૫ કલાક સુધીમાં ૫૦.૨૯ ટકા મતદાન નોંધાયું હતું.અને દાહોદ લોકસભા સીટ ઉપર સરેરાશ સાંજના ૫ વાગ્યા સુધી ૫૪.૭૮ ટકા મતદાન નોંધાયું હોવાનું જાણવા મળે છે.

એકંદરે ફતેપુરા તાલુકામાં સવારથી ધીમી ગતિએ શરૂ થયેલુ મતદાન દિવસ દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થયું હતું.તેમ જ કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામેલ નથી.જ્યારે કેટલાક બુથ કેન્દ્રો ઉપર વિકલાંગ તથા અશક્ત લોકોને બુથ કેન્દ્રમાં મતદાન કરવા અવરજવર માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.પરંતુ કચ્છ ચૂંટણીઓની સરખામણીમાં હાલની લોકસભા ચૂંટણીમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પૂર્ણ થતા વહીવટી તંત્ર સહિત પોલીસ ખાતાએ હાશકારો અનુભવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.217

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ લોકસભા બેઠક ઉપર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું : સાંજે ૬ વાગ્યા સુધીમાં અંદાજીત ૬૦ % મતદાન નોંધાયું





ગોધરા,

૧૮- પંચમહાલ લોકસભા બેઠક ઉપર વહેલી સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ કરવામાં આવ્યું હતું. ૭-વિધાનસભા વિસ્તારોને આવરી લેતી લોકસભા બેઠક ઉપર મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યું હતું. લોકસભા બેઠકના કાલોલ વિધાનસભા વિસ્તારમાં સૌથી વધુ મતદાન નોંધાવા પામ્યું છે. સાંજે ૬ વાગ્યા સુધી અંદાજીત ૬૦ % મતદાન નોંધાવા પામ્યું છે.

પંચમહાલ લોકસભા બેઠક વિસ્તારના કાલોલ, ગોધરા, ઠાસરા, બાલાસીનોર, મોરવા(હ), લુણાવાડા, શહેરામાં વહેલી સવારથી મતદાન મથકો ઉપર મતદારો મતદાન કરવા માટે પહોંચ્યા હતા અને ઉત્સાહભેર મતદાન કરતા જોવા મળ્યા હતા. જેમ તાપમાનનો પારો ઉંચકાતા સાથે મતદારો મથક સુધી નહિ બપોરના સમયે મતદાન બુથો સુના જોવા મળ્યા હતા. પંચમહાલ લોકસભા બેઠક વિસ્તારના કાલોલ વિધાનસભા વિસ્તાર મતદારોએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. સાંજે ૫ વાગ્યા સુધી ૬૪.૩૦ % મતદાન નોંધાવા પામ્યું છે. ગોધરા વિધાનસભા બેઠક વિસ્તારમાં ૫૪.૪૬ % મતદારોએ પોતાના મતાધિકારોનો ઉપયોગ કર્યો. ઠાસરા વિધાનસભા બેઠક ઉપર ૫૦.૦૭% મતદાન નોંધાયું છે. બાલાસીનોર ૪૯.૮૦ % મતદાન નોંધાવા પામ્યું છે. મોરવા(હ) ૫૦.૫૪% મતદાન જયારે શહેરા વિધાનસભા બેઠક વિસ્તારમાં મતદારોએ મતદાન કરવા માટે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને સાંજે ૫.૦૦ વાગ્યા સુધી ૫૮.૧૭% મતદાન નોંધાવા પામ્યું છે. પંચમહાલ લોકસભા બેઠક ઉપર કોઈ અનિચ્છનીય ઘટના વગર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પુરું થયું હતું. પંચમહાલ લોકસભા બેઠક ઉપર સાંજે ૬.૦૦ વાગ્યા સુધી અંદાજીત ૬૦ % મતદાન નોંધાવા પામ્યું છે.



૧૮ પંચમહાલ સંસદીય મતવિસ્તારના ગોધરાના બુથ નંબર ૧૮૦- સખી મતદાન મથક ખાતે પંચમહાલ જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પરિવાર સાથે સૌપ્રથમ મતદાન કર્યું : લોકોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી હતી.



ગરબા થકી વધુમાં વધુ મતદાન માટેનો સંદેશો : ૧૮ પંચમહાલ લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ગોધરા તાલુકાના સરસાવ બુથ નંબર-૦૩ ખાતે મહિલાઓએ મતદાન કર્યા પછી ગરબે ઝૂમીને વધુમાં વધુ મતદાન માટે સંદેશો પાઠવ્યો હતો.



ગોધરાના એસ.ટી.નગર-૨, ભુરાવાવ ખાતે થર્ડ જેન્ડર મતદારો દ્વારા સામૂહિક મતદાન કરી તમામ નાગરિકોને ફરજીયાત મતદાન કરવા અપીલ કરી હતી. કિન્નર સમાજે સામૂહિક મતદાન કરીને, મતદાનનો સંદેશો પાઠવ્યો હતો.



પ્રભુતામાં પગલા પાડનાર યુગલોએ પણ મતદાન થકી પોતાની ફરજ અદા કરી.



મતદાનના દિવસે ગોધરા શહેરના ભાગ્યોદય સર્જીકલ હોસ્પિટલ દ્વારા મતદાન કરી આવશે અને આંગળી ઉપર મતદાનનું નિશાન બતાવશે તેની પાસે કોઈ પ્રકારની તપાસ ફી લેવામાં આવશે નહી.



ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા વાવડી બુઝર્ગ પંચાયત ખાતે પરિવાર સાથે મતદાન કર્યું.



પંચમહાલ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર રાજપાલસિંહ જાદવ એ પોતાના પરિવાર સાથે કરોલી પ્રા.શાળા ખાતે આવેલ બુથમાં મતદાન કર્યું.



જીલ્લાના કાલોલ નગરમાં ભાજપ કાર્યકરો દ્વારા આતશબાજી કરાઈ મતદાન સંપન્ન થયા બાદ સૌથી વધુ મતદાન નોંધાતા ભાજપના કાર્યકરો દ્વારા આતશબાજી કરી ઉજવણી કરાઈ. ત્યારબાદ પંચમહાલ લોકસભા બેઠક ભાજપના ઉમેદવાર દ્વારા કાલોલ વિધાનસભા મત વિસ્તારના મતદારોનો વિશેષ આભાર માન્યો.

## ચંદ્રનગર ગ્રામજનો હાલોલ ધારાસભ્યની દરમિયાનગીરી થી સમસ્યા હલ થતા મોટી સંખ્યામાં મતદાન કર્યું

ઘોઘંબા તાલુકાના ચંદ્રનગર ગામે મતદાન નો બહિષ્કાર કર્યા હોવાનું જાણ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારને થતાં તેમને ગ્રામજનોનો સંપર્ક કરી તેમની રજૂઆત સાંભળી હતી પાણીના મુદ્દે ગ્રામજનો એ મતદાન ન કરવાનો નિર્ણય લીધો હતો. ગામમાં અણબનાવને કારણે પાણીની સમસ્યાનો મુદ્દો ધારાસભ્ય કે તાલુકા સુધી પહોંચ્યો ન હતો. જેના કારણે ગ્રામજનો એ તંત્ર પ્રત્યે નારાજગી હતી.



નારાજગી દૂર કરવા હાલોલના ધારાસભ્ય જયદ્રસિંહ પરમાર એ ઘોઘંબા પાર્ટી પ્રમુખ ગુણવંતસિંહ ગોહિલ, જિલ્લા સદસ્ય ભીખાભાઈ સોલંકી, છોટાઉદેપુર લોકસભાના સહ.ઈન્ચાર્જ સાગર ગોહિલને ચંદ્રનગર મોકલ્યા હતા. અને ગ્રામજનો સાથે ટેલીફોનિક વાત કરી પાણીની સમસ્યા બે જ દિવસમાં હલ કરવાની ખાતરી આપતા ગ્રામજનોએ ધારાસભ્યોનો આભાર માની ટોળેટોળા મતદાન મથકે મતદાન કરવા માટે ઉમટીયા હતા. પ્રજા સેવક એવા હાલોલના ધારાસભ્ય જયદ્રસિંહ પરમારે કોઈપણ જાતની સમસ્યા હોય તેમને સીધી જાણ કરવા માટે પણ જણાવ્યું હતું. તેમજ ગામ અને લોકો ઉપયોગી કામ હોય તો તમે મને અવશ્ય જણાવજો તે સમસ્યા હલ કરવાની ખાતરી આપતા ગ્રામજનોએ ભારત માતાકી જયનો નાદ બોલાવી મતદાન કરવા માટે પહોંચ્યા હતા.

## ગોધરા બસ સ્ટેન્ડ પાછળ બીગ સેલ નામની દુકાનમાં આગ લાગતાં અફરાતફરી ફાયર ફાયટરો પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો

ગોધરા,

ગોધરા બસ સ્ટેન્ડની પાછળ ઘરવખરી, કપડાં અને પ્લાસ્ટીકનો સેલ આવેલ હોય આ સેલમાં કોઈ કારણોસર આગ લાગી હતી. સેલમાં લાગેલ આગના કારણે અફરાતફરી મચી જવા પામી હતી. આગની ઘટનાને લઈ પાલિકા ફાયર બ્રિગેડને ફોન કરતાં ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવી પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો.ગોધરા લાલબાગ બસ સ્ટેન્ડ પાછળના ભાગે બીગ સેલ નામની દુકાનમાં કોઈ કારણોસર આગ લાગી હતી. પ્લાસ્ટીક, વરખરી અને કપડાના સેલમાં આગની ઘટનાને લઈ અફરાતફરી મચી જવા પામી હતી. સેલમાં લાગેલ આગને લઈ પાલિકા ફાયર વિભાગને ફોન કરતાં ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. બીલ સેલમાં લાગેલ આગના કારણે કપડા અને પ્લાસ્ટીક સહિતનો સામાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો.



## ગોધરા સાતપુલ વિસ્તારમાં લાકડાના ગોડાઉનમાં આગ લાગતાં દોડધામ : ફાયર ફાયટરોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો

ગોધરા,


ગોધરા સાતપુલ વિસ્તારમાં કેપ્સુલ ગોડાઉન પાસે લાકડાના ગોડાઉનમાં કોઈ કારણોસર આગ લાગી હતી. લાકડાના ગોડાઉનમાં લાગેલ આગને લઈ દોડધામ મચી જવા પામી હતી. આગની ઘટનાની જાણ નગર પાલિકા ફાયર બ્રિગેડને કરતાં ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

ગોધરા પશ્ચિમ વિસ્તારના સાતપુલ કેપ્સુલ ગોડાઉન પાસે આવેલ લાકડાના ગોડાઉનમાં કોઈ કારણોસર આગ લાગી હતી.



લાકડાના ગોડાઉનમાં લાગેલ આગે રોદ્ર સ્વરૂપ ધારણ કરતાં ગોડાઉન પાસે પાર્કીંગ કરેલ બે કાર પણ આગની ઝાપટમાં આવી જતાં કાર બળીને ખાખ થઈ હતી. આગની ઘટના અંગે પાલિકા ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર ફાયટરો દ્વારા બે ફાયર વાહન દ્વારા બે કલાક સુધી સતત પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગની ઘટનામાં સદ્દનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

## વેજલપુર ગામમાં વૃદ્ધ મતદાર ને પોતાની બાઈક ઉપર બેસાડી બુથ સુધી પોહચડી મતદાન કરાવ્યું



કાલોલ

કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં આસિસ્ટન ઝોનલ અધિકારી તરીકે વેજલપુર ગ્રામ પંચાયત ના તલાટી ક્રમ મંત્રી આર સી ભોંય દ્વારા વેજલપુર ગામમાં વૃદ્ધ મતદાર ને પોતાની એક્ટિવા બાઈક ઉપર બેસાડી મતદાન મથક સુધી પોહચાડ વામાં આવ્યા હતા જયા વૃદ્ધ મહિલા એ પોતાનો કિંમતી અને પવિત્ર મત પોતાના ઉમેદવાર ને આપી મતદાન કર્યું હતું અને વૃદ્ધ મહિલા ને મતદાન મથક સુધી પોતાની એક્ટિવા બાઈક ઉપર બેસાડી આસિસ્ટન ઝોનલ અધિકારી એવા વેજલપુર ગ્રામ પંચાયત ના તલાટી ક્રમ મંત્રી પોતાની બાઈક ઉપર બેસાડી મતદાન મથક સુધી પોહચાડી હોવા થી તસ્વીર વેજલપુર ગામમાં સોશિયલ મીડિયા માં ખૂબજ વાયરલ થય છે

## ઘોઘંબા તાલુકાની વિધવા મહિલાને સરકારી મકાન બનાવવામાં પાડોશી દ્વારા હેરાન કરાતા અભયમ મદદે આવી

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકામાં એક પીડિત મહિલા પોતાના પાડોશી દ્વારા સતત હેરાન થતી હતી. પાડોશીઓ વારંવાર અપશબ્દો બોલી તેઓને તેમનુ ઘર બનાવવા માટે મહિલા સાથે ઝઘડો કરતા હતા. તેથી પીડિત મહિલાએ ૧૮૧ અભયમ ટીમનો સંપર્ક કરી મદદની માંગણી કરી હતી. ત્યારબાદ ૧૮૧ની ટીમ પીડિત મહિલાના ઘરે પહોંચી ત્યારે પીડિત મહિલાએ જણાવ્યુ હતુ કે,હું વિધવા છુ અને મારો એક દિકરો છે. મારી પાસે ઘર નથી. તેથી સરકારી મકાન બનાવવા માટે મને સરકાર તરફથી પૈસાની સહાય મળી, સરકારની સહાયના પ્રથમ હપ્તાના પૈસા મારા ખાતામાં જમા થયા હતા.તેનાથી હું મારુ ઘર બનાવુ છુ પરંતુ જે જગ્યાએ હું ઘર બનાવુ છુ એ જમીન તો મારી જ છે. પણ મારો પાડોશીની દિવાલ વચ્ચે આવી જાય છે તેથી પાડોશી મારી પાસે તેમની દિવાલના બદલામાં પૈસા માંગે છે.હું પૈસા આપવા પણ તૈયાર છુ. તેઓએ મને દિવાલના બદલમાં રૂ.૧૧,૦૦૦આપવા માટે કહ્યુ હતુ. પરંતુ હાલમાં મારી પાસે માત્ર ૫ હજાર જ હોવાથી મેં તેઓને રૂ.૫ હજાર આપ્યા હતા. અને મેં તેઓને કહ્યુ કે, મારી પાસે સરકારી મકાનના સહાયના બીજા હપ્તાના પૈસા આવશે ત્યારે તમને બીજા ૫ હજાર આપી દઈશ. પરંતુ પાડોશી સમજવા તૈયાર જ ન હતા અને કહે છે કે, બાકીના પૈસા હમણા જ આપો. મારો તો પતિ પણ નથી અને હું મહેનત મજુરી કરી મારા એકના એક છોકરાનુ ભરણ-પોષણ કરુ છુ. તો પછી આટલી જલ્દી હું પૈસા કયાંથી લાવીશ. મેં પાડોશીઓને સમજાવવાનો ખુબ જ પ્રયત્નો કર્યા છતાં તેઓએ મારી વાત ન માની અને મારી પાસે અત્યારે જ પૈસા માંગ્યા અને હું પૈસા ન આપી શકી તો મારી સાથે ઝઘડો કરી મારપીટ કરે છે. મને ઘરનુ કામ પણ કરવા દેતા નથી. હું તો એકલી અસહાય છુ. આજે જ હું પૈસા કયાંથી લાવીશ. આમ નિરાધાર બનેલી પીડિત મહિલાએ ૧૮૧ અભયમ ટીમ પાસે મદદની માંગણી કરી. અભયમ ટીમ પીડિત મહિલાના ઘરે પહોંચી અને બંને પક્ષોનુ કાઉન્સિલીંગ કરવામાં આવ્યુ ત્યારે પીડિત મહિલાની વાત સાચી જણાતા અભયમ ટીમ દ્વારા પાડોશીઓને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.છતાં પણ પાડોશીઓ સમજવા તૈયાર ન હતા. તેથી પીડિત મહિલા કાયમી રક્ષણની જરૂર હોવાથી ઘોઘંબા પોલીસ સ્ટેશનમાં આગળની કાર્યવાહી માટે રજુઆત કરવામાં આવેલ છે.